સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

થાય પ્રચાર અબજોમાં, નાણાં ના ઢોલ વાગે છે,
બોદા વિકાસના બણગામાં પોલં-પોલ રાગે છે,
આમાં સાંભળે કોણ પીપુડી, સિદ્ધાંતના સૂરની -
પ્રજાના ભાગ્યમાં તો ભૂત મરે પલીત જાગે છે.
(પૈસા નું રાજકારણ)

હાઈકુ

'ટોફી' વિષયે
બાલિસ પ્રચારમાં -
ગૂમ ગાંભીર્ય..

નાણા રિમોટે
ભલભલાની જીભે
લાગે છે તાળાં..

ચિંતન

शास्त्रो परस्कृत शब्द सुंदरगिरः शिष्य प्रदेयागमा विख्याताः कवयो वसन्ति विषये यस्य प्रभोर्निर्धनाः ।
तज्जड्यं वसुधा धिपस्य कवयो ह्यर्थं विना पीश्वराः कृत्स्याः स्युः कुपरीक्षका न मणयो यैरर्घतः पतिताः ॥

ભર્તૃહરિના નીતિશતકમાંથી આ શ્લોક છે..

'જે રાજાના રાજય વિસ્તારમાં, શાસ્ત્રજ્ઞ અને અલંકારીક શબ્દોથી શોભતા સુંદર શબ્દોથી સજ્જવાણી-શ્લોક'થી સુશોભિત શાસ્ત્રજ્ઞાન કરતા, અને એ પરંપરા ચાલુ રાખી એવા જ શિષ્યો તૈયાર કરતા, પ્રસિદ્ધ પંડિતો-જ્ઞાની-સાહિત્યકારો જયાં નિર્ધન અને રાજયના માન-સન્માનથી વંચિત રહે છે તે રાજાની જડતા છે. જો કે કવિઓ-સાહિત્યકારો ધન-સમૃદ્ધિ કે માન-સન્માન વિના પણ શક્તિશાળી અને સમૃદ્ધ જ હોય છે.

પરંતુ, સાચા હીરા-મણિ-રત્નોની સાચી પરખ ન કરતાં તેનું અવમૂલ્યન કરે છે એવા પરીખ-પરીક્ષકો જ નિંદાપાત્ર છે એમાં મણિનો કોઇ દોષ નથી.

કોઇ કવિએ પણ આ બાબતની પુષ્ટિ આપતાં કહ્યું છે કે : સદાશ્રપેણ શોભન્તે, પંડિતો-વનિતા-લત્તાઃ ।

કવિઓ, સાહિત્યકારો, વિદ્વાનોને રાજયાશ્રય આપી તેમને માન-સન્માન સાથે પ્રોત્સાહન આપવું જોઇએ. અલબત્ત, વિદ્વાન-જ્ઞાની-પંડિતો તો પોતાની સમજશક્તિથી સમૃદ્ધ જ છે એમને કોઇના માન-પાન-સન્માનની કદી પણ જરૂર હોતી જ નથી.

સુવિચાર

- જીંદગીને જાણવામાં સમય ન વેડફો, જીંદગી માણવી એજ જાણવી, નદીમાં હોવું એટલે જ નદીનું જ્ઞાન, જીવનમાં હોવું એટલે જ પૂરતું છે - *રાજચંદ્ર*
- સ્વાર્થી હોવું એ કંઇ ખરાબ નથી, પણ સ્વાર્થનું માપ હોવું જોઇએ. અમુક હદથી વધુ સ્વાર્થી થવાય નહીં, પુરો સ્વાર્થી માણસ આત્માનું અનાથ બાળક છે - *એસ. ભટ્ટાચાર્ય*
- હું મજૂર તરીકે ઇશ્વરની સેવા નહીં કરૂં, કારણ કે જો મજૂર તરીકે પરમાત્માની ચાકરી કરીશ તો મારામાં મહેનતાણાની અપેક્ષા જાગશે, ઇશ્વરને પ્રાર્થન કરીએ એટલું જ પૂરતું છે, ઇશ્વર પાસેથી પ્રાર્થનાનો જવાબ ન માંગી શકાય - *સુફી સૈયદ*
- સુખની તલાશમાં રહીયે તો સુખ ન મળે, પણ સુખ આપમેળે મળે, સુખ સલામતીનું છાપરૂં નથી, પણ સ્વયં સલામતી છે. સલામતી હંમેશા નિર્ભય હોય છે અને જે ભયભીત હોય છે એનાથી સલામતી અને સુખ અળગાં જ રહે છે - *ગ્રેન કથન*
- નિર્ભય થઇને કોઇકની પાસે હૃદય ખોલી શકું એવા મિત્રની પણ જરૂર છે, ઇશ્વર ભલે મારૂં છત્ર હોય પણ આ પૃથ્વી પર મને મૈત્રીની ભૂખ અને તરસ છે - *માનસસૂત્ર*
- જીવનમાં છત્ર હોય પણ આ પૃથ્વી પર મને મૈત્રીની ભૂખ અને તરસ છે - *સંત રોબિન*
- સંયમ અને પરિશ્રમ માનવીના બે વૈદ્ય છે - *જનકલ્યાણ*

(સંકલન : દીપક વી.આસારા)

બોધ કથા

'હવે, આજના યુગમાં કર્મચારીઓમાં નિષ્ઠાપૂર્વક, વધારે સમય આપી કામ કરવાની વૃત્તિ રહી જ નથી ઉલ્ટું આગળ-પાછળ રજાઓનો મેળ કરી કેમ વધારે 'રજાઓ'નો ગેરલાભ લેવાય એવી જ વૃત્તિ રહી છે.'

નસરૂદ્દીન મુલ્લાનો સ્વભાવ પણ આવો જ હતો કામમાંથી છટકવાની વૃત્તિ અને રજા ભોગવવાની વૃત્તિને એણે ખૂબ-પાળી-પંપાળી હતી.

'એક શુક્રવારે 'નમાજ' પઢવા જાઉં છું' ની રજા લેવા 'બોસ' પાસે ગયા. ત્યારે બોસની કેબીનમાં એમની ખૂરશી પાછળ એક બોર્ડ ખોડવામાં આવી રહ્યું હતું. એનું લખાણ વાંચ્યું ને? કહી ખંધુ સ્મિત કર્યું. મિયાએ પણ સામે એવું જ સ્મિત ફરકાવ્યું.

મિયાં શુક્રવારે બપોરે નમાજ પઢવા ગયા તે ગયા. છેક સોમવારે આવ્યા. મિયાં, શનિવારે કયાં ગાયબ થઇ ગયા હતા? નસરૂદ્દીને કહ્યું સાહેબ 'આપની સૂચનાનો જ અમલ કરવા ગયો હતા?' બોસે પ્રશ્નાર્થ ભરી નજરે જોયું!

મિંયા કહે : 'તમે મને બોર્ડ વંચાવ્યું. કલના કામ આજે કરો! એટલે રવિવારના કામ પછી શનિવારે જ પતાવ્યાં..' બોસે પણ સામે કહ્યું - મિયાં! હવે કાલનું કામ હું છેલ્લી તારીખે છૂટો કરવા માગતો હતો. હવે કાલનું કામ હું પણ આજે જ કરૂં છું. તમે અત્યારથી જ છૂટ્ટા!!

Email - sureshchandrabhatt18@gmail.com

હે મારા બાળક, આ જગતમાં તારૂં સ્વાગત છે...

શું ગર્ભસંસ્કારથી મારું બાળક પહેલા મહિનામાં જ બોલતું જઈ જશે? અને છઠ્ઠા-સાતમાં મહિનામાં એને એ-બી-સી-ડી આવડી જશે?

લો, બોલો. ગર્ભસંસ્કાર વિશે આપણે ત્યાં આ કક્ષાની ગેરમાન્યતા ફેલાયેલી છે. જો કે ગર્ભસંસ્કાર શબ્દ ભારેખમ તો ખરો જ. સાંભળતા જ પહેલી ઈમ્પ્રેશન એવી પડે કે એમાં ખૂબ બધાં કર્મકાંડ, આધ્યાત્મિક બાબત અને મંત્ર-તંત્રની વાતો હોવાની, પણ આજના પુસ્તકનાં પાનાં ફેરવતાં સ્પષ્ટ થતું જશે કે આ તો વ્યાવહારિક બાબતનું સરળ વિજ્ઞાન છે.

સંસ્કાર એટલે શું?

સંસ્કારોહિ ગુણાંતરધાનમ અર્થાત્ જે ગુણ બદલે છે એ સંસ્કાર છે. ગર્ભ સંસ્કાર એટલે બાળક શારીરિક ને માનસિક બંને રીતે ચુસ્ત-દુરસ્ત જન્મે એ માટે સ્ત્રીએ અને પુરુષ સુધ્ધાંએ પણ આચરણમાં મૂકવા માટેની સુસંસ્કારી રીત. આપણે ત્યાં પ્રાચીનકાળથી જ ગર્ભાધાન સંસ્કારના સંદર્ભ જોવા મળે છે. સૌથી વિખ્યાત દૃષ્ટાંત અભિમન્યુનું છે. ચક્રવ્યૂહનાં સાત કોઠાનું આંશિક જ્ઞાન એ માના પેટમાંથી જ મેળવીને જન્મ્યો હતો. (જો અભિમન્યુ ગર્ભમાં રહીને આવી કોમ્પિકેટેડ વસ્તુ શીખી જતો હોય તો મારું બચ્ચું શું સાદી એ-બી-સી-ડી પણ ન શીખી શકે એવો અઘરો સવાલ પ્લીઝ, નહીં પૂછવાનો.) રામાયણમાં રાજા દશરથે પુત્રકામેષ્ટી યજ્ઞ કર્યાનો ઉલ્લેખ છે. એ પછી એમને ત્યાં રામનો જન્મ થયો હતો.

રામાયણ-મહાભારતના ઉલ્લેખ વાંચીને એવું ન માનશો કે આ તો બધી જૂના જમાનાની વાતો થઈ. લેખિકાએ અહીં મોડર્ન સાયન્સ અને આયુર્વેદનું કોમ્બિનેશન કરીને ચિત્રલેખા જેને ટ્રેન્ડિશનલ નારી કહે છે એને ઉપયોગી થાય એવી માહિતી પીરસી છે. આ નારીના પતિદેવને ગર્ભસંસ્કાર સાથે કંઈ લેવાદેવા નથી એવું માનવાની ભૂલ પણ ન કરશો.

ગર્ભસંસ્કારના ત્રણ તબક્કા છે : ગર્ભ ધારણ પહેલાંના સંસ્કાર, સર્ગભાવસ્થાના સંસ્કાર અને પ્રસૂતિ પછીના સંસ્કાર અને આત્રણેયમાં પુરુષની ભાગીદારી જરૂરી છે.

સ્વસ્છ અને બુદ્ધિશાળી બાળક જન્મે, પરિવારની વારસાગત બીમારી બાળકમાં ન આવે, એની રોગપ્રતિકારક શક્તિ ઉત્તમ બને એ માટે સ્ત્રી-પુરુષ બંનેએ ગર્ભસ્થાપના પહેલાં રહેણીકરણી, ખોરાક, વિચાર અને કેટલીક આયુર્વેદિક દવા લેવાનું સૂચન થયું છે. આને બીજ શુદ્ધિ કહે છે. બીજ શુદ્ધિ પછી તૈયાર થતાં સ્ત્રી બીજ અને પુરુષ બીજ ઉત્તમ ગુણવાળાં હોય છે. ગર્ભોપનિષદમાં કહેવાયું છે કે ગર્ભાધાન પછીના અથવા તો પ્રથમ માસના પહેલા સાત દિવસ દરમિયાન ગર્ભને એક પરપોટાનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. પંદર દિવસ પછી એને ઘનગોળાનું રૂપ મળે છે. કલ્પના કરો, પાંચ હજાર વર્ષ પહેલાં આયુર્વેદિક ગ્રંથમાં આટલું સૂક્ષ્મ વર્ણન કરવામાં આવ્યું છે.

ગર્ભાવસ્થાના નવેય મહિના-અનુસાર સ્ત્રીએ શું ખાવું-શું ન ખાવું, કઈ બાબતની તકેદારી લેવી, કઈ એખસરસાઈઝ કરવી, ગર્ભમાં ક્રમિક વિકાસ વગેરે વિશેની વૈજ્ઞાનિક માહિતી આપતાં અલાયદાં પ્રકરણ આ પુસ્તકમાં છે. ગર્ભસંસ્કારનું એક મહત્વનું અંગ છે પ્રેગ્નન્ટ સ્ત્રીનાં પેટમાં ઉછરી રહેલા બાળક સાથેનો ગર્ભસંવાદ. પ્રસૂતાનાં ભાવનાત્મક સ્પંદન સકારાત્મક રીતે ગર્ભ સુધી પહોંચવાં જોઈએ. એને સ્વ-સંમોહન પણ રહે છે.

એ કેવી રીતે થાય?

વેલ, સૌથી પહેલાં શ્રદ્ધાપૂર્વક પલાંઠી વાળીને બેસવું. પીઠ ટટ્ટાર રાખવી. ત્રણથી ચાર વખત અનુલોમ-વિલોમ કરવા. પછી નરમ પથારી પર સીધા અથવા ડાબે પડખે સૂવું. મનને એકદમ રિલેક્સ કરવું. ત્યારબાદ સમગ્ર ધ્યાન સમગ્ર ચેતના ગર્ભમાં ધબકી રહેલા બાળક પર કેન્દ્રિત કરી ગર્ભસંવાદ શરૂ કરવો :

તારી ઈન્દ્રિયો, તારા અવયવ, તારું શરીર ઉત્તમ ગુણવાળું અને તારી બુદ્ધિ, આભા અને સ્મૃતિ ઉત્તમ ગુણવાળી બંને... તું નીતિવાન, પરાક્રમી, ચારિત્ર્યસંપન્ન, ધૈર્યવાન, ક્ષમાવાન, સાત્વિક, બુદ્ધિવાન અને કીર્તિમાન બને. તારાં શરીરને મનનું નિર્માણમાં મારાં સર્વ સકારાત્મક ભાવસ્પંદન તને અર્પણ કરું છું... હે મારા બાળક, આ જગતમાં તારું સ્વાગત છે...

આ સંવાદ માત્ર નમૂના પૂરતો છે. ગર્ભવતી સ્ત્રીએ સંવાદની ભાષાને વાક્યરચના પોતાને અનુકૂળ હોય એવી રાખવી. મુખ્ય વાત એટલી જ છે કે ગર્ભ સાથે હૃદયપૂર્વક વાત કરવી. એના માટે મંગળ કામના કરવી. મોટેથી બોલીને સંવાદ કરવાની પણ જરૂર નથી. મનમાં ને મનમાં સ્વ આજ્ઞા આપીને ગર્ભ સાથે સંવાદ સાધી શકાય છે. ગર્ભસંવાદને કારણે પ્રસૂતિનો ભય ધીમે ધીમે ઓછો થતો જાય છે. પરિણામે પ્રસૂતાનો આત્મવિશ્વાસ મજબૂત થાય છે.

બાળક જન્મે પછીના એકાધિક સંસ્કારમાં એક છે. જાતકર્મ સંસ્કાર. પિતા બાળકને પહેલીવાર જુએ ત્યારે અને સુવર્ણવચા યોગ નામનું મિશ્રણ ઓગાળીને આપવાનો રિવાજ છે. સંતાનના દીર્ઘાયુષ્ય માટે કામના કરીને નીચેના વચન બોલીને આ મિશ્રણ બાળકને આપવામાં આવે છે.

હે બાળક, દિવસ-રાત્રે દસેય દિશા અને સર્વ નક્ષત્ર તારા આયુષ્યનું રક્ષણ કરો. તારા દીર્ઘાયુ માટે હું પરમેશ્વરને પ્રાર્થના કરું છું...

આ સંસ્કાર પિતા પાસે કરાવવાનો આશય એ છે કે પિતાને હવે પોતાની નવી ફરજ અને જવાબદારીનું ભાન થાય. ગર્ભ અને માતા વચ્ચે પહેલા મહિનાથી જ દૃઢ સંબંધ હોય છે. આવો જ ભાવનાત્મક સંબંધ પિતા અને બાળક વચ્ચે બંધાય એ આ સંસ્કારનો હેતુ છે.

આજે આપણે આપણી અનુકૂળતાએ ગમે ત્યારે બાળકનું નામ પાડીએ છીએ, પણ વેદ કહે છે કે બાળક જન્મે પછીના પહેલા જ મહિનામાં નામકરણ વિધિ થઈ જવી જોઈએ. પુત્ર હોય તો બારમા દિવસે અને પુત્રી હોય તો તેરમા દિવસે નામકરણ સંસ્કાર કરવા. શાસ્ત્રમાં તો કાન વીંધવા વિશએ પણ સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે. બાળક છ- સાત- આઠ મહિનાનું થાય ત્યારે અથવા શિયાળામાં કર્ણવેધન સંસ્કાર કરવા. છોકરો હોય તો પ્રથમ જમણો અને છોકરી હોય તો પહેલા ડાબા કાનની બૂટ વીંધવાવી.

ગર્ભાવસ્થા, પ્રસૂતિ અને શિશુનો ઉછેર- જીવનનાં આ અત્યંત મહત્વપૂર્ણ પાસાં છે એથી જ સરળ ભાષામાં લખાયેલું આ સચિત્ર પુસ્તક વાંચવા-વંચાવવા જેવું છે. ફેમિલી પ્લાન કરી રહેલા દંપતી અને એમના પરિવારે તો ખાસ.

મારી નાનકડી કન્યા તિતિક્ષાને પૂરા નવ મહિના થયા. નવ મહિના પૂર્વે મેં અનુભવેલી કેટલીક મૂંઝવણ ડૉ. ગૌરી બોરકરના પુસ્તક 'ગર્ભ સંસ્કાર'માં પ્રતિઘોષિત થતી જોઈ આ લખાણ નવી માતાઓને અર્પણ કરું છું.

હું રસ્તે રઝળતી વારતા

અયના કમલેશ



જીવનમાં ધ્યેય આવે તો જ માર્ગમાં આવતા દુઃખો, અગવડો સામે પ્રતિકાર કરવાની શક્તિ આવે

ચિંતન-ગરિમા
જીવન ધ્યેય

- ડૉ. આર.જે. વ્યાસ

જે વ્યક્તિ 'માટે જીવનમાં શું પામવું છે?' તેનું ચિંતન જ નથી કરતો તે વ્યક્તિ અને પ્રાણી વચ્ચે કોઇ જ તફાવત નથી એમ કહેવું અસ્થાને નહીં ગણાય.

દરેક વ્યક્તિને વ્યાવસાયિક, કૌટુંબિક, સામાજિક, શૈક્ષણિક એમ વ્યક્તિગત ધ્યેયો હોય છે. પરંતુ દરરોજ સવારે ઊઠીને ધ્યેય પ્રાપ્તિ માટેની સાધન-સંપત્તિનો વિચાર કરવો પડશે. નક્કી કરેલ ધ્યેયની ઉપલબ્ધિ માટે પોતે કેવો ભોગ આપવો પડશે તેનું ચિંતન કરવું પડશે. જેમકે અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ઊંચા ટકા પ્રાપ્ત કરવા માટે ધ્યેયને ગંભીરતાથી વિચારવું પડશે. માત્ર સ્વપ્નિલ વિચારો કરવાથી એ હાંસલ નહીં થઇ શકે. સમજદાર વિદ્યાર્થી પોતાના અભ્યાસિક ધ્યેયને માટે અભ્યાસનું સમયપત્રક બનાવશે. પોતે શું વાંચ્યું, કેટલું વાંચ્યુ, સમજપૂર્વક કેટલું ગ્રહણ થયું વગેરે નક્કી કરવું પડશે. વિદ્યાર્થીએ સ્વપરીક્ષા લેતાં ઊંચી ટકાવારી લાવવા માટે પદ્ધતિસરના મહાવરાને પ્રાધાન્ય આપવું પડશે.

એક ધંધાર્થી વ્યક્તિએ પોતાના વ્યાવસાયિક ધ્યેયને લક્ષમાં, રાખી આયોજનબદ્ધ કાર્યશૈલીનું ચિંતન કરવું પડશે. દરરોજ સવારે આખા દિવસ દરમિયાન પોતાના ગ્રાહકો સાથે કેવી રીતે વર્ત્યા તેનો વિચાર કરવો પડશે. ગ્રાહકને અગત્યનો ગણવો પડશે. નફો અગત્યનો છે એમ માની નૈતિકતા/પ્રામાણિકતાની અવગણના કરાશે તો વ્યવસાયથી મુક્ત થવાનો વારો આવશે. "મારૂં ધ્યેય મારા ગ્રાહકને સંતોષ આપવાનું છે." એવું સ્વીકારી વ્યવસાય કરનાર વેપારી ગ્રાહકપ્રેમી બની પ્રગતિ કરી શકશે.

જીવનના ઉચ્ચ ધ્યેય-આદર્શ કે લક્ષ્યને પાર પાડવાનું કામ અશક્ય તો નથી જ નથી. વ્યક્તિ પોતાના ધ્યેયની બાબતમાં સ્પષ્ટ હોવો જોઇએ. મહાત્મા ગાંધીજીના મનમાં ભારતને આઝાદ કરવાનું ધ્યેય હતું. અંગ્રેજો સામે નિઃશસ્ત્ર સંઘર્ષ કરી આ કામ પાર પાડવાની અદમ્ય ઝંખના હતી. ભારતવાસીઓની સહાયથી કયા પ્રકારે, કેટલો પુરૂષાર્થ પ્રામાણિકપણે કરવો એ બાબતમાં સ્પષ્ટ હતા. એટલે જ મહાન સંગ્રામને જીતી સ્વતંત્રતા હાંસલ કરી શક્યા. જો આપણે આપણા ધ્યેયમાં નિશ્ચિત, પ્રામાણિક અને પરિશ્રમી વલણો ધરાવતાં હોઇશું તો સમાજ અને રાષ્ટ્રને પણ આપણી સાથે જોડાવાનું ગમશે.

રામકૃષ્ણ પરમહંસનું જીવન ધ્યેય અધ્યાત્મ હતું. કલકત્તાની કાલિકા માતાની શુદ્ધ, સાત્ત્વિક અને પરમ શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરવાની તેમની નેમ હતી, કહેવાય છે કે આ ધ્યેયનિષ્ઠ શ્રદ્ધાપૂર્વકની ભક્તિથી કાલિકા માતા સાથે સન્મુખપણે તેઓશ્રી વાતો કરી શકતા. આ અધ્યાત્મ ધ્યેયની પ્રાપ્તિ માટે સ્વને ભૂલીને કાલિકા માતા સાથે તદ્રુપ બની જતા. રામકૃષ્ણ પરમહંસે શ્રદ્ધાપૂર્વક વિવેકાનંદને 'ઇશ્વરછે તે મને દેખાય છે તને પણ દેખાશે.' આ વિશ્વાસથી વિવેકાનંદને પણ અધ્યાત્મ માર્ગે વાળી શક્યા. જીવન ધ્યેયની આ નાનીસૂની કે અવાસ્તવિક ઘટના નથી જ.

મિત્રો, યાદ રાખો કે જીવનમાં ધ્યેય આવે તો જ માર્ગમાં આવતા દુઃખો, અગવડો સામે પ્રતિકાર કરવાની શક્તિ આવે, સ્વામીનારાયણ ભગવાનનું લોકોને સુખી કરવાનું ધ્યેય હતું તેમનાં આ ધ્યેયસિદ્ધિના માર્ગમાં કેટકેટલાં અને કેવાં અવરોધો આવ્યા હતા? રામ વનવાસ ગયા ત્યારે ભરતે ધર્મપ્રેરિત ધ્યેયન સમજીને પાદુકા ગાદી પર રાખી સેવકભાવે રામવતી કાર્યભાર સંભાળ્યો. તેમનાં ધ્યેયનિષ્ઠ માર્ગમાં કૈકેયી માતા ન જ ફાવ્યા. લક્ષ્મણ અને સીતાનું ધ્યેય પણ રામની સેવા કરવાનું હતું એટલે અયોધ્યાનું સુખ ત્યજી રામની સેવાર્થે તેમની સાથે વનમાં ગયા. અને આ પાત્રો ઇતિહાસમાં અમર બની ગયા. ધ્યેય વિનાના જીવનને આકાર આવતો નથી. માટે કર્મની ફળની અપેક્ષા વિના જીવનમાં ધ્યેયનિષ્ઠ બનવાની લગન હોવી જોઇએ. આવી વ્યક્તિઓની પ્રગટિ થાય છે પ્રખ્યાતિ થાય છે.

મને યાદ છે પાટણ સંગીતશાળાના હારમોનિયમ અને તબલાવાદક ચંપકભાઇ ખત્રી. જયારે તા હારમોનિયમ કે તબલા વગાડે ત્યારે તેમનાં હાથ દોડે, આંગળીઓ ચપળતાપૂર્વક ગતિશીલ બને... કેટલી સહજતાથી તે હારમોનિયક કે તબલાં વગાડતાં! શાસ્ત્રીય સંગીતની ધૂનમાં પોતાના મનને પુરેપુરૂં ધ્યેયગામી બનાવી આનંદથી વગાડયા જ કરે. સંગીતની આ લહેર કે ધૂન જાણે કે કુદરતી બક્ષિસ છે એમ લાગ્યા કરે. સિતારવાદક રવિશંકરને સિતારના તાર પર આંગળીઓ ફેરવતા તો તમે ટી.વી. પર જોયા હશે. એમની આ કલામાં વાસ્તવિકતા જ જણાય. કલા કે વિદ્યા જન્મસિદ્ધ છે એમ લાગે પરંતુ જે જન્મસિદ્ધ નથી... એ ધ્યેયસિદ્ધ પ્રયત્નો છે. આ ધ્યેય સિદ્ધમાં કેટલો સમય, કેટલો શ્રમ, કેટલો રિયાઝ એ કેટલી સાધના પડેલાં છે! માટે જીવનના ઉત્તમોત્તમ ધ્યેયને પામવા માટે આખી જિંદગીના અભ્યાસ-શ્રણને જુટાવી દેવા પડે. આ પ્રકારના ધ્યેયને કે જીવનલક્ષ્યથી સ્વને, કુટુંબને, સમાજને રાષ્ટ્ર અને વિશ્વને પણ લાભાન્વિત કરી શકાય છે. માટે મિત્રો, ઇધર-ઉધર ધ્યેયના વિચારોમાં ખોવાયા કરતાં આપણી શક્તિ, રસ, રૂચિ અને અભિયોગ્યતાને લક્ષમાં લઇ કોઇ એક નિશ્ચિત જીવન ધ્યેયને સિદ્ધ કરવા શ્રદ્ધાપૂર્વક, આત્મવિશ્વાસ સાથે પ્રયત્નશીલ બની સફળતા હાંસલ કરવાનું મનોબળ કેળવીએ.

ક્રિકેટ રસિયાઓના હૃદય સમ્રાટ સચિન તેંડુલકરના જીવન કવન અને ક્રિકેટ કારકિર્દીના લેખાંજોખાં

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજકાલ લોકસભાની ચૂંટણીની સાથે સાથે આઇપીએલની મેચો શરૂ થતાં યુવાનોમાં ક્રિકેટ ફીવર પણ એટલો જ વ્યાપક બન્યો છે ત્યારે દરેક ભારતીયના હૃદયમાં વસેલું ક્રિકેટનું એક એવું નામ જેણે વર્ષો સુધી ક્રિકેટ રસીયાઓનાં હૃદય પર રાજ કર્યું છે તેવો ક્રિકેટર સચીન આજે પણ સૌ કોઇ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. ત્યારે તાજેતરમાં પ્રગટ થયેલ સચીન તેંડુલકર વિષેનાં પુસ્તક વિશે જાણવું તમને જરૂરથી ગમશે.

ગોડ ઓફ ક્રિકેટ : ભારત રત્ન સચિન તેંડુલકર ક્રિકેટ જગતની એક અદ્‌ભૂત પ્રતિભા છે. તેના વિશે જાણવાની ઉત્કંઠા સૌ કોઇની હોય તે ખુબ જ સ્વાભાવિક છે. સને ૨૦૧૨માં સચિન તેંડુલકરે વન-ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી અને ત્યારબાદ ૪૦ વર્ષની વયે પહોંચેલા સચીન પર ટેસ્ટ ક્રિકેટમાંથી પણ નિવૃત થયા કેટલાંક પરિબળો દ્વારા દબાણ થવા લાગ્યા ત્યારે સચિન તેંડુલકરની ૨૦૦ ટેસ્ટ મેચ અને ૨૪ વર્ષની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની મજલ વિષે જાણવાનું સૌને ગમે જ. ત્યારે ખુબ જ સમયસર કહી શકાય તે રીતે સચિનના જીવન-કવન પર આધારીત આ પુસ્તક આપણને મળ્યું છે.



સચીન તેંડુલકર વિષેના આ પુસ્તકમાંથી પસાર થતાં સચિન તેંડુલકર વિશેની વિપુલ પ્રમાણમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટની માહિતી, આંકડાઓની સાથે ભારતરત્નનો ખિતાબ મેળવનાર પ્રતમ ભારતીય ખેલાડીનું બહુમાન પણ સચીનને મળ્યું છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ 'ભારતરત્ન' નો ઇલકાબ મેળવનારો સચિન તેંડુલકર સૌથી નાની વયનો ભારતીય અને ૪૩મો ઇલકાબ વિજેતા મહાનુભાવો બન્યો છે.

૧૫મી નવેમ્બર ૧૯૮૯ના રોજ પાકિસ્તાન પ્રવાસમાં કરાંચી ખાતે પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટમાં ૧૬ વર્ષ ૨૦૫ દિવસની નાની વયે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરનારો મુંબઇનો આ વાંકડિયા વાળવાળો છોકરો આગળ જતાં વિશ્વના ક્રિકેટ ઇતિહાસમાં એક દંતકથા સમાન મહાન સમ્રાટ, ક્રિકેટનો ભગવાન, ક્રિકેટ રત્ન, માસ્ટર બ્લાસ્ટર બની જઇ ૨૦૦ ટેસ્ટ મેચો રમવાનો ઇતિહાસ સર્જે છે અને વિશ્વના આંતરરાષ્ટ્રીય ક્રિકેટના મોટા ભાગનાં તમામ વિશ્વ વિક્રમો પોતાના નામે ચડાવે છે. તેની રોમાંચક ક્રિકેટ કારકિર્દીની ઝાંખી આપણને આ પુસ્તકમાંથી મળે છે. સચીન તેંડુલકરે ૧૫ વર્ષની વયે મુંબઇ ખાતે ૧૯૮૮માં ગુજરાત સામે રણજી ટ્રોફી મેચમાં મુંબઇ તરફથી પદાર્પણ કરતાં જ શાનદાર અણનમ સદી (૧૦૦) ફટકારી હતી ત્યારથી શરૂ કરી સચીનની ક્રિકેટની નોંધ, માહિતી આંકડાઓ, તેનો ૧૯૮૯માં ટેસ્ટ અને વનડે પ્રવેશ, તેની સદીઓ, ટેસ્ટ ટુ ટેસ્ટ, વનડે ટુ વનડે ક્રમવાર માહિતીની રેકોર્ડ આ પુસ્તકમાં લેખકે આપ્યા છે. તેની સાથે સાથે વિવિધ અખબારોમાં છપાયેલા સમાચારો, લેખો અન્ય વૈવિધ્યપૂર્ણ માહિતીઓનો પણ અહીં સમાવેશ થયેલો જોઇ શકાય છે.

સચીનના ૨૫ વર્ષના ૫૦,૦૦૦ ઉપરાંત રનની વાત હોય કે વિઝડનની ટેસ્ટ ઇલેવનમાં સચિનના પ્રદાનની વાત હોય 'નર્વસ નાઇન્ટીસ'માં પણ સચીન ટોચના ક્રમે રહેલો. તેણે ચાહકોને અપીલ કરેલ કે મને કોઇ ભેટ ન આપશો. ક્રિકેટ ચાહકો માટે કોલકત્તા ટેસ્ટ સચીને વિજયભેટ તરીકે આપી. સચીનની આખરી ટેસ્ટ પૂર્વ મુંબઇમાં હતી ત્યારે 'સચીન - માહોલ' એવો બન્યો હતો કે તેનું ૧૦ નંબરનું ટી શર્ટની હરાજી કરતાં તેના અઢી લાખ રૂપિયા ઉપજતા હતા જે તેણે નરેન્દ્ર મોદીના કહેવાથી કન્યા કેળવણી ફંડમાં આપ્યા હતા. સચીનની માતા રજની તેંડુલકર કહે છે કે મેં તો ક્યારેક કલ્પના પણ કરી નહોતી કે સચીન ક્રિકેટ છોડશે. કઇ રીતે તે તેની વિના રહી શકશે.' ઓસ્ટ્રેલિયન દિગ્ગજ લેગ સ્પિનર શેન વોર્ને સચીનને બેસ્ટ બેટસ્‌મેન તરીકે વર્ણવીને જણાવ્યું હતું કે આગામી ઘણા વર્ષો સુધી બીજો સચીન પેદા થઇ શકે તેમ નથી.' ભારતીય ટપાલ ખાતાએ સચીનની યાદગીરીમાં ૧૪ નવેમ્બર ૨૦૧૩ના રોજ રૂપિયા ૨૦-૨૦ના મુળ્યોની બે અતિસુંદર સ્મારક ટપાલ ટિકીટો બહાર પાડી હતી તેની દુર્લભ તસ્વીરો પણ પુસ્તકમાં મુકવામાં આવી છે. તે ઉપરાંત સચીનના ૪૦ના જન્મ દિવસે મિત્રોના સંભારણા પણ અહીં આપણને મળે છે.

વિશ્વ વિક્રમી વન-ડે વિઝાર્ડ સચીન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મોટા ભાગનાં વિશ્વ વિક્રમો પોતના નામે સર કરતાં તેને 'રન-મશીન', માસ્ટર બ્લાસ્ટર, ક્રિકેટના ભગવાન, 'વિરાટ વિક્રમાદિત્ય' જેવા સન્માન જનક વિશેષણોથી વધાવવામાં આવતો રહ્યો છે. સચીન સદાય કોઇને કોઇ નિમિત્તે મીડિયામાં છવાયેલો રહ્યો છે. ટાઇમ મેગેઝીને પણ સચીનને બિરદાવ્યો હતો. વર્ષ ૨૦૧૨માં સચીનની રાજય સભાની સભ્ય તરીકે નિયુક્તિ થતાં તેણે પદ પ્રતિષ્ઠાના સોગંદ હિન્દી ભાષામાં લીધા હતા. સચીનના સાસુ એન્નાબેલ તેના માટે ગર્વ અનુભવે છે, તો સચીનની પત્ની અંજલી તેના અંગે શું કહે છે? જેવી તેના જીવનની ઘણી અંગત વાતો સચીને પિતાનું છત્ર ગુમાવ્યું ત્યારથી તેની મનોસ્થિતિ, માળીના પુત્રને ફ્લોટ લઇ આપવાની સચીનની ઉદાહતા, આઇસ્ક્રીમ ખાવાનો તેનો શોખ જેવી ઘણી બધી બાબતો પુસ્તકમાંથી આપણને જાણવા મળે છે. ચટપટાં વડાપાંવ સચીનને બહુ ભાવે છે અને બ્રિટીશ વડાપ્રધાન ડેવિડ કેમેરોન સચીનના દિવાના છે. તે ઉપરાંત સચીનનો બંગલો 'લા મેર' કેવો છે તેની વાત હોય કે સત્ય સાંઇબાબાનું નિધન થતાં સચીને પોતાનો જન્મ દિવસ ઉજવ્યો નહોતો તેની વાત હોય તે બધું વાંચવું ગમે તેવું છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)